# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

કૌભાંડો ના કોલસે સૌના કાળા ચહેરા છે,
છૂટી જાય ઘોડા પછી તબેલે પહેરા છે,
ગહેરા આઘાત પ્રજામાં વિશ્વાસઘાતના -
ચીખે કોર્ટ-કાયદા, પણ નેતા બહેરા છે..

## હાઈકુ

જેલ માછલી,
નિકળી શ્વાસ લેવા -
જામીન પર..
(અમિત શાહ ઘરે આવ્યા
એન્કાઉન્ટરીયા સમુદ્રમાંથી)

કોળિયા નહીં!
હવે તો કરોડોમાં -
ભરે બૂકડા..
(ખાયકીનું પ્રમાણ
વધ્યું)

## ચિંતન

**શ્રધ્ધા દેવમ્ । અશ્રધ્ધાયા અદેયમ્ । ધિયા દેવમ્ ।**
**હિંસા દેવમ્ । ભિયા દેયમ્ । સંવિદા દેયમ્ ॥**

અન્યોને મદદ કરવી એ આપણું કર્તવ્ય જ છે. પણ આવી તે મદદ શ્રધ્ધાપૂર્વક કરવી જોઇએ (કોઇ દબાણ-દુરાગ્રહ કે અનિચ્છાથી નહીં) અશ્રધ્ધાથી નહીં.

આવી મદદ પ્રસન્નતાપૂર્વક કરવી જોઇએ, નારાજગી કે પરાણે-મન વગરની નહીં.

મદદ નમ્રતાના ભાવથી કરવી જોઇએ (આપણે જાણે એના પર મોટો ઉપકાર કરીએ છીએ કે હું જો મદદ ન કરત તો તમારા શું હાલ થઇ જાત એવા ઘમંડથી નહીં)

ઘણીવાર મદદ ડરથી કરતા હોઇએ છીએ. દા.ત. રાજકારણના મોટા પક્ષો ચૂંટણી સમયે 'નાણાકીય મદદ' ડોનેશન-ચૂંટણી ફંડ માગે છે ત્યારે બિલ્ડરો-ઉદ્યોગપતિઓ (ડરના માર્યા) કોઇ પણ પક્ષ સત્તા પર આવે ત્યારે પોતાને પરેશાન કરશે એવા ડરથી બધા પક્ષોને 'મદદ' કરતા હોય છે. આવી મદદ પાછળ 'ડર'નો ભય હોય છે.

મદદ સહાનુભૂતિથી કરવી જોઇએ, કોઇ ગરીબ અસાધ્ય રોગથી રિબાતું હોય તો તેના ઇલાજનો ખર્ચ લાગણી-પ્રેમથી ઉપાડી લેવો એ સહાનુભૂતિની મદદ છે.

મદદ પ્રેમથી, પોતાના આનંદ માટે કરવી જોઇએ.

## સુવિચાર

- જે માનવ સેવા કરે છે એ ભગવાનનો ભક્ત જ છે - **વચનામૃત**
- નાનું કે મોટું સેવાનું કાર્ય, છાનું છપનું કરી નાખવું અને પછી તેને ભૂલી જવું એ જ જીવનનો મોટો આનંદ છે - **ચાર્લ્સ લેમ્બ**
- સેવા કરતા આત્માને અંદરથી શાંતિ પ્રાપ્ત થાય છે. - **શેખ સાદી**
- સેવા કરવાથી આપણાં જ સુખ અને સ્વાસ્થ્યમાં વધારો થાય છે- **શ્રી રમેશભાઇ ઓઝા**
- પોતાના સ્વાર્થ માટે જે સેવા કરે છે તેને તકસાધુ કહેવાય, તે કદી સાચો સેવક બની શકે નહીં - **ચૂનીભાઇ ભટ્ટ**
- સ્નેહ ભીના થોડા શબ્દો, લાગણી ભર્યો સ્પર્શ અને સેવા સાથેની હૂંફ, આ પૃથ્વીને સ્વર્ગ સમાન બનાવી દે - **એસ. ભટ્ટાચાર્ય**
- સેવા માર્ગ, ભક્તિમાર્ગ કરતાં પણ ઉત્તમ છે - **શ્રી રામ શર્મા**

## બોધ કથા

સગવડ-સુવિધાઓ જરૂરિયાતની અપેક્ષા રાખી તે પૂરી કરવાની ચિંતામાં જ આપણે દુઃખી થઇએ છીએ. જેની કંઇ જ ઇચ્છા કે જરૂરિયાત નથી તે ખૂબ જ સુખી છે.

એક ધનાઢ્ય વેપારી, ગ્રીક તત્ત્વજ્ઞાની સોલન પાસે આવ્યો અને કહ્યું, હું ખૂબ જ દુઃખી છું આપ પવિત્ર છો અને ચમત્કાર કરો છો તેથી હું આપની પાસે એક એવું 'તાવીજ' માગું છું જે મને સદાય સુખ અને આનંદમાં રાખે!

સોલન કહે, હું એવું તાવીજ તને જરૂર આપીશ પણ પહેલાં તું મને એક પહેરણ લાવી આપે જે સૌથી મોટો ખૂબ માણસ હોય જે જાતે કહે હું ખૂબ સુખી છું. એનું જ પહેરણ જોઇએ. એમાંથી તાવીજ બનાવવાનું છે. શેઠ તો જાત નીકળી પડ્યો અને માણસો પણ રોક્યા જે પોતે પોતાના મોઢેથી એમ કહે છે કે, 'તે જાતે ખૂબ સુખી છે.'

બધાને કંઇને કંઇ દુઃખ હતું જ કોઇ રોગી હતા, કોઇ ભોગી-કોઇને સંતાન તરફથી, કોઇને સંતાન ન હોવાનું-બધા પાછા આવ્યા. શેઠે સંતને કહ્યું, મને તો કોઇ સુખી મળ્યું નથી તમને ખ્યાલ હોય તો કહો!

સંતે એક વૃક્ષનું સરનામું આપ્યું એની નીચે એક અલમસ્ત ફકીર રહે છે તે સુખી છે ત્યાં જા..

શેઠ ત્યાં ગયો, ફકીર માત્ર લંગોટ ભેર હતો અને જે જાય તેની સામે આનંદની હસતો હતો. પહેરણ તો હતું જ નહીં, શેઠ શું માગે? પણ સોલનનાં આશયની સમજ પડી ગઇ.

# કરવો છે તમારે... વિસર્જન પછીનો ગણેશોત્સવ ???

## ક્રિએટીવ આઇડિયાથી કોલેજીયનો નદીમાં રઝળતી દાદાની મૂર્તિને સન્માર્ગે લગાડશે


### Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

ગઈકાલે જ અનંત ચતુદર્શી હતી અને ગણપતિ બપ્પા વાજતે ગાજતે વિદાય થઈ ગયાં. આજનાં મારા મેઈલ બૉક્સમાં એક કૉલેજિયન છોકરીએ કચકચાઈને મેઈલ લખ્યો છે, એનો સારાંશ એટલો જ છે કે આપણે લોકો ગણપતિ લાવીએ છીએ, યથાશક્તિ સ્થાપન કરીએ છીએ અને પછી નદીમાં છીછરાં પાણીમાં વિસર્જન કરી પીઠ ફેરવી લઈએ છીએ, પછી એ મૂર્તિનું, ફૂલોનું, પ્લાસ્ટીકનાં કચરાંનું, થર્મોકોલ - કાગળનાં વેસ્ટેજનું શું થાય છે? જોવાય રહેતા નથી, તો એનું શું કરવું? બસ તો આજનો લેખ યંગસ્ટર્સ - કૉલેજિયન માટે એક ચેલેન્જ આપવા જ લખાય છે, કરવો છે તમારે, વિસર્જન પછીનો ગણેશોત્સવ??

લોકમાન્ય ટીલખે સમાજમાં એકતા નિર્માણ કરવાં જનજાગૃતિના માધ્યમ તરીકે ગણેશોત્સવનો ઉપયોગ કરવાનું ચાલું કરાવેલું... હવે આ બધું કયાંક દૂર થઈ દસ દિવસ સુધી કાનનાં પડદાં ફાટી જાય એવાં અવાજે દૂર થઈ દસ દિવસ સુધી કાનનાં પડદાં ફાટી જાય એવાં અવાજે બાપ્પાને ચિકની ચમેલી, શિલા કી જવાની કે હલકટ જવાની સંભળાવાય છે... ગણપતિ બાપ્પા વિદાય કરી ગયાં એટલે આ વર્ષે થયેલી ભૂલો આવતાં વર્ષે નહીં કરીએ એવું બધાં વિચારતાં હશે...

યંગસ્ટર્સ જો ભેગાં થઈ નક્કી કરે તો ગણેશોત્સવનું પૂર્ણ વાતાવરણ જ બદલી શકે છે. એના માટે ત્રણ જ વસ્તુ જોઈએ, ભરપૂર ઉત્સાહ, એક એકથી ચઢીયાતા આઈડિયા અને સમાજ માટે નહીં પણ પોતાને માટે જ કંઈક કરવાની બર્નિંગ ડિઝાયર... આપણે સૌએ કંઈક સામાજિક કાર્ય કરવાનાં છીએ એવું મગજમાંથી કાઢી નાંખવાનું, આપણે જે કાંઈ કરીએ છીએ તે આપણાં માટે જ, આપણી આસપાસના વાતાવરણ માટે અને આપણાં શહેર માટે એટલું જ યાદ રાખવાનું... એટલે અરધી સમસ્યા આપોઆપ મટી જશે!! એક નાની ગાઈડ લાઈન આપું છું, પણ આ વાંચીને તમારે બધાંએ લાગી પડવું પડશે...



ઘરે જ વિસર્જન... ગણપતિની માટીની મૂર્તિ સ્થાપિત કરો, પ્લાસ્ટર ઑફ પેરિસની મૂર્તિ લાવશો નહીં, આવું સતત કહેવા છતાં જો તમે માટીની મૂર્તિ ના બેસાડી હોય તો આવી ભૂલ ફરી કરશો નહીં. ઘરનાં ને પટાવો કે આપણે આ મૂર્તિનું વિસર્જન આપણાં ઘરે જ કરીશું. એક મોટું પીપ લઈ એમાં પાણી ભરી અત્તર, સુગંધી ફૂલો નાંખી એમાં જ ઘરની મૂર્તિનું વિસર્જન કરો. સોસાયટીનો કે સાર્વજનિક ગણપતિ હોય તો એમને પણ આવું કરવા સમજાવો... બેન્ડનો ખર્ચો કરવાની જગ્યાએ સાદું ઢોલક કે મંજિરાનો સાથ લો, બેન્ડનાં પૈસાથી રમકડાં લાવી ગરીબોમાં વહેંચો...

ઘરે બેસાડેલી મૂર્તિને ખાલી એની જગ્યાએથી હલાવી ઘરમાં અન્ય સ્થળે મુકી અને બીજા વર્ષે એ જ ગણપતિ બેસાડો... કેટલીય સેવાભાવી સંસ્થા અને લોકો આવી મૂર્તિ લેવા ઈચ્છતા હોય છે એમને મૂર્તિ આપો એ સચવાશે અને પૂજા પણ થશે... આટલું થશે તો પાણીમાં ઓગળતાં રંગોને કારણે મરી જતાં કેટલાય જળચરો બચી જશે, તમે કયારેક વિસર્જન પછી કિનારે જજો તમને કેટલાંય દેડકાં - માછલાં, કાચબાં મરેલાં કિનારે મળી આવશે!!!

સ્વચ્છતાની મોહિમ ચાલુ કરો... તમારૂં નૅચર ગ્રુપ હોય કે ઉત્સાહી મિત્ર-બહેનપણી હોય તો આ કામ કરી શકાશે. શહેરમાં જયાં પણ ગણપતિ હોય તો આ કામ કરી શકાશે. શહેરમાં જ્યાં પણ ગણપતિ વિસર્જન થાય ત્યાં જાવ અને ગણેશ મૂર્તિનું દાન માગો, લોકોને કન્વીન્સ કરો, મૂર્તિ દાન કરો, પાણીમાં પધરાવશો નહીં, તમારા પ્રયત્નથી બે-ચાર જણાય રાજી થશે તો એ મોટી ઉપલબ્ધી હશે... તમને જો તરતાં આવડતું હોય તો તમારી ટીમ તૈયાર રાખો જેવું વિસર્જન થાય એ મૂર્તિને શોધીને કિનારે લઈ આવો... વિસર્જન પછી કેટલીય મૂર્તિઓ ભાંગેલી તૂટેલી હાલતમાં નદી કિનારે રઝળતી મળશે, એને ભેગી કરો, લોકો ને મ્યુનીસિપાલિટીને ગાળો આપવાના બદલે મચી પડો, સમય ઘણો લાગશે પણ કંઈક કર્યાનો આત્મસંતોષ અવશ્ય મળશે!!

પી.ઓ.પી.ના રમકડાં બનાવો... અમદાવાદ ગાંધીનગરમાં હવે વિસર્જન માટે કુત્રિમ તળાવો બનાવાય છે, એનાથી પ્રદૂષણ ઘટે છે. તમે ત્યાં જઈ એમની પાસે પી.ઓ.પી. ગાર માંગો, એ લોકો એ મફતમાં ગાર આપશે. એમાંથી અનેક પ્રકારનાં શૈક્ષણિક સાહિત્યના મૉડલ તૈયાર કરી શકાશે. મગજ - હૃદય - આંખ - ફેફસાં - હાડપિંજર આવું બધું બનાવી જરૂરિયાત વાળી સ્કૂલોને ભેટ આપો... આ ગારામાંથી રમકડાં પણ બનાવી શકાય અથવા સ્કૂલોમાં બાળકોને રમકડાં બનાવવા શિખવવાનો પ્રૉજેક્ટ પણ કરી શકાય!!

ફૂલોના કચરાનું ખાતર... ગણેશ વિસર્જનની જગ્યાએ પુષ્કળ ફૂલ-હાર-તોરણ પડેલાં મળી આવશે. આમાં પ્લાસ્ટીકની થેલીઓ, ફલો, થર્મોકોલ, કાગળ જેવી સામગ્રી પણ મળી આવશે. નાકનું ટેરવું ચઢાવ્યા વગર આ કચરો અલગ અલગ કરો. ફૂલોનો કચરો કોઈ ખેડૂત કે નર્સરીને આપશો તો તે લોકો ખાતર તરીકે એનો ઉપયોગ કરશે. કચરો દૂર હટી જશે અને ઉપયોગમાંય આવશે.

કાયદાની મદદથી લોકોને માર્ગદર્શન આપો... જવાન છોકરાઓનું લોહી ઉછાળા મારતું હોય છે, એમણે બકબક કર્યા વગર કંઈ કરી બતાવવાની ઈચ્છા હોય એમને છેક પોલીસ કે કોર્ટનું બારણું ખખડાવવાની તૈયારી કરવી અથવા કોઈ સેવાકીય સામાજિક સંસ્થાને વચ્ચે રાખી જનહીત યાચિકા દાખલ કરી શકાય. એમનાં એરિયામાં ગણપતિની પી.ઓ.પી.ની મૂર્તિ વેચના પર પ્રતિબંધ અને મોટા અવાજે મ્યુઝિક સિસ્ટમ માટે પ્રતિબંધની અરજી કરી શકાય... યાદ રાખજો કાયદો તમારી તરફેણમાં જ આવશે, છે જરા તકલીફનું કામ પણ હિંમત હોય તો આવો પ્રતિકાર પણ અવશ્ય નથી!!

કાગળની લુગડીનાં દિવા... વિસર્જન વખતે કાગળનો કચરો પણ પુષ્કળ મળી આવે છે. એમાંથી કાગળની લુગદી તૈયાર કરો તમે જો આર્ટીસ્ટનાં ગુણ ધરાવતાં હશો તો એમાંથી ફરી ગણપતિની મૂર્તિ તૈયાર કરી શકશો. દિવા બનાવવાં તો ખૂબ સહેલાં છે, બનાવો અને ગરીબોની વસ્તીમાં વહેંચી આવાં દિવાળીએ એમનું ઘર ઝગમગાશે અને તમારી મહેનત.

ડૉક્યુમેન્ટ્રી ફિલ્મ તૈયાર કરો... જો તમે ફોટોગ્રાફર હોવ અથવા ફોટોગ્રાફીનો શોક હોય તો આ બધી વસ્તુઓને કેમેરામાં કંડારો... જો તમારી પાસે હેન્ડીકૅમ છે તો નદી કિનારે તણાઈ આવેલી મૂર્તિ, જળચર પ્રાણી - પક્ષી, ગંદકીની ફિલ્મ ઉતારો, વિસર્જન પછીની ફિલ્મમાં આપણાં ઘરે રંગેચંગે પધારતાં અને લાડુનું જમણ કરતાં ગણપતિ દાદાનાં હાથ - પગ - મસ્તક કેવી હાલતમાં રખડતાં પડેલાં હોય છે તે ખાસ શુટ કરો, મસ્ત ફિલ્મમાં છેલ્લે સંદેશો મુકો કે શું આપણાં ભગવાનની આવી હાલત કરાય??

આ ફોટા અને ફિલ્મને વર્ષભર શાળા-કૉલેજમાં બતાવો, ફૅસબુક પર અપલોડ કરો, ફોટો ગૅલેરીમાં પ્રદર્શિત કરો, જનજાગૃતિ માટે ચોવીસ કલાક ચાલતી બખડજંતર ચેનલોને આવી ફિલ્મથી મજા પડશે એમને આપો, જનજાગૃતિ કેળવાશે અને લોકો સામે સત્ય હકીકત આવતાં તેઓ એમનાં ભગવાનને બચાવવા જાગશે... આપણને ફિલ્મ બનાવ્યાનો, બતાવ્યાનો આનંદ મળશે અને જો બે-ચાર જણાં આનાથી સુધરી જશે તો ગણપતિ બાપ્પાનાં આશીર્વાદ પણ મળશે!!

આજનાં યંગસ્ટર્સ - કૉલેજિયનોમાં પુષ્કળ એનર્જી, સૉશ્યલ નેટવર્કીંગ અને કંઈક કરવાની ધગશ છે જરૂર છે માત્ર કોક ગાઈડ કરવાની કે લીડરશીપ લેવાની, બસ દિશા બતાવો દશા બદલાઈ જશે, કંઈક ક્રિએટીવ કરો, અને એનાં ફોટા અને વિગતો જરૂરથી ઈમેઈલ કરજો, બીજાને પ્રેરણા આપવાં એને ફરવું કરી શકાય!!

**ચૂંટલો :**

ગણપતિદાદાની સ્થાપના અને વિસર્જન ભવ્ય હોય છે, પણ વિસર્જિત થયેલી મૂર્તિની અવસ્થા દારૂણ હોય છે, દરેક જણે વિસર્જન પછી નદી કિનારે જઈને આત્મમંથન કરવાં જેવું છે, નહીં તો ક્રિએટીવ યંગસ્ટર્સને વિસર્જન પછીને ગણેશોત્સવ દર વર્ષે કરવો પડશે.

# સંવાદ એ સંબંધની નિકટતાની શરૂઆત કહી શકાય, સંવાદ એટલે એક બોલે ને બીજો સાંભળે અને બીજો બોલે ને પહેલો સાંભળે તે નહીં પણ વણબોલાયેલો શબ્દ, બંને સમજે

### પારિજાત

- રેખા ભટ્ટ

**સ્પર્શ દઇને જળ વહીં જતું હશે**

**પથ્થરોને કંઇક તો થતું હશે!**

'સંબંધ' શબ્દથી આપણે સૌ પરિચિત છીએ. આપણામાંના સૌ કોઇ દિવસમાં કેટલીયે વાર બોલતા હોઇશું કે અમારે તો અમુક વ્યક્તિ સાથે બહુ સારા સંબંધો છે અને આ વાતને સાચી સાબિત કરવા જાતજાતની સાબિતિઓ પણ આપતાં હોઇશું.

શાંતિથી બેસીને વિચારીએ તો, કોઇ વ્યક્તિ સાથે સંબંધ હોવો કયારે કહેવાશે? અને સરળ જવાબ મળી જશે - નિકટતા હોવી તે નિકટના ગાઢ સંબંધની પહેલી શરત છે.

તો હવે વિચારવાનું એ રહે કે ખરેખર આપણે જે તે વ્યક્તિની એટલી નિકટ હોઇએ છીએ ખરાં? એકબીજાનું દુઃખ જાણવું - એકબીજાને માન આપવું, સામેનાની લાગણી ના દુભાય તેનો ખ્યાલ રાખવો અને ગમે તે સંજોગોમાં સાથ ના છોડવો આને 'નિકટતા' કહેવાય.

અને પરિસ્થિતિ ગમે તેટલી બદલાય તો પણ સંબંધનું રૂપ એવું ને એવું જળવાઇ રહે તે સાચો સંબંધ. આપણી નજીકની વ્યક્તિ જયારે જયારે આપણી સાથે વાત કરતી હોય ત્યારે આપણું મન એટલું બધું શાંત હોય કે સંપૂર્ણપણે આપણું તો બોલનાર વ્યક્તિમાં જ ધ્યાન હોય. અને ત્યારે જ આપણે તે વ્યક્તિનાં પ્રશ્નો, સમસ્યાઓ કે તેની ખુશીની લાગણીને સમજી શકીએ અને આપણી વળતી પ્રતિક્રિયા આવી શકીએ. આપણે જે તે વ્યક્તિની વાતમાં, એવા ઓતપ્રોત બની જઇએ છીએ કે આપણી જાતને પણ ભૂલી જઇને માત્ર તેને જ સાંભળીએ. એનું નામ 'સંબંધ'.

મોટે ભાગે આપણે આપણી જાતને જ કેન્દ્રમાં રાખીને જીવતાં હોવાથી, બીજાના પ્રશ્નો કે લાગણીઓ આપણને સ્પર્શતા નથી. એક જ ઘરમાં રહેનાર પતિ-પત્ની કે બાપ-દીકરો કે ભાઇ-બહેન નિકટનાં સ્વજનો હોવા છતાં, એકબીજાની વાત ધ્યાન દઇને સાંભળતાં નથી એમને સમજવાની વાત તો ઘણી દૂરની વાત થઇ, અને તેથી એમનાં પ્રશ્નો ઉકેલવાનો તો સવાલ જ ઊભો નથી થતો. તેથી ધીમે ધીમે વૈમનસ્ય વધતું જાય છે.

તો પહેલાં, જેના સંબંધી છો એને સો કામ પડતાં મુકીને, પાસે બેસીને તમારી પાંચે ઇન્દ્રિયોથી એમને સાંભળો તો ખરા! એમનો બોલાયેલો શબ્દ અને વણબોલાયેલો ભાવ તમારા આંખ, કાન, ચામડી, બુધ્ધિ, દ્વારા હૃદયમાં તો ઉતારો! પછી જ સમજાશે એમની વાત, અને પછી જ રચાશે સંવાદ!

સંવાદ એ સંબંધની નિકટતાની શરૂઆત કહી શકાય. સંવાદ એટલે એક બોલે ને બીજો સાંભળે અને બીજો બોલે ને પહેલો સાંભળે તે નહીં પણ વણબોલાયેલો શબ્દ, બંને સમજે. ઘણીવાર નિકટતામાં શબ્દો મદદરૂપ નથી બનતા અંતરાય બને છે. આંખનો ભાવ વાંચીને આખી વાત હૃદયમાં ઉતરી જાય તેનું નામ 'સંબંધ'. નાનો અમથો વ્હાલ ભરેલો કે હૂંફ આપતો કે આશ્વાસન આપતો સ્પર્શ અને ઘણું બધું કહેવાઇ જાય એને કહેવાય સંબંધ - નિકટનો સંબંધ.

હવે, વિચારી જોઇએ કે આપણી કોની સાથે કેટલી નીકટતા છે? કેટલો ગાઢ સંબંધ છે? વર્ષોથી સાથે રહેતા હોવા છતાં એકબીજા માટે માન ન હોય કે અંતરની લાગણી ન હોય તેવા સંબંધને ગમે તે 'લેબલ' થી ઓળખો. એ સગવડ માટે ઊભી કરેલી 'સગાઇ' છે. કામ પૂરૂં પાડવા માટેનું આયોજન છે.

પ્રેમ તો આપણે ઘણાં બધાંને કરીએ છીએ. સૌને આવકારીએ, હળીમળીને રહીએ, ફરીએ, હસીએ, બોલીએ પણ કયાં સુધી? એ પણ આપણા જેવો જ પ્રતિભાવ આપે ત્યાં સુધી!

જેમ કે આપણે પાળેલા કૂતરાને પણ ખૂબ લાડ કરીએ, રૂંવાટીમાં હાથ ફેરવીએ, પંપાળીએ, આપણા પગ ચાટવા દઇએ પણ એ જ કૂતરો બટકું ભરે તો? એ કૂતરાની સાથે સાથે આપણી 'પશુ વૃત્તિ' પણ બહાર આવી જશે, અને આપણે કચકચાવીને લાત લગાવી દઇશું.

જે સંબંધમાં આપણી પશુવૃત્તિ નિર્મૂળ થતી જાય અને આપણામાં રહેલો સાચો લાગણીથી ભરેલો માણસ જ બાકી રહે તે નિકટનો સંબંધ. અને એ જ સંબંધ બધી ભાષાઓ સમજે છે. સંવાદની, મૌનની, સ્પર્શની!


**"આવજો કહીને તમે ચાલ્યા ગયા,**

**હું પૂછવું ભૂલી ગઇ કે મારે કયાં આવવું?"**

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૩જી ઓક્ટોબર**



- બહુમુખી પ્રતિભા, લેખક, શિલ્પી અને ચિત્રકાર વિલિયમ મોરિસની પુણ્યતિથિ.

ધી લાઇફ એન્ડ ડેથ ઓફ જિસસ, અર્થીલી પેરેડાઇઝ, લવ ઇઝ ઇનફ, જેવી કૃતિઓ. ક્વીન ગુનીવીયર લંડનની આર્ટ ગેલેરીમાં આજે પણ સચવાયું છે.

- ૧૫ વર્ષની વેય વઢવાણમાં રાષ્ટ્રગીત ગાઇને છવાઇ જનારા સત્વશીલ નારી શક્તિનાં પ્રતિક, નર્મદાબેન પાઠકની પુણ્યતિથિ.

આઝાદીને કેફવાળા, 'આઝાદીબેન' તરીકે ઓળખાતા, સ્વાતંત્ર્ય સેનાની ૩-૧૦-૧૯૮૪ માં અવસાન પામ્યાં.

- ૧૯૦૧ બ્રિટને પહેલી સબમરીન તરતી મુકી.
- ૧૯૬૯ ગાંધીજીનાં ફોટાવાળા ચલણી સિક્કા ચાલુ થયાં.
- આચાર્ય નરેન્દ્રદેવ ફેઝાલા (ઉ.પ્ર) હિન્દુ સમાજવાદના પિતાનો જન્મ. ૧૮૮૯.
- ૧૮૬૭ સીવવાના સંચાના શોધક ઇલિયાસ હાર્વેનું અવસાન.
- ૧૯૦૭ માં હૈદરાબાદમાં પ્રચંડ પૂર આવ્યું. સેંકડો માણસો માર્યા ગયા.

# સૂરજ વિના પ્રકાશ અને ચંદ્ર વિના ચાંદનીનું કોઇ અસ્તિત્વ કયાં હોય છે, તેથી પડછાયો આપણી અંદર ખોવાઇ જાય, પ્રકાશ ખોવાઇ જાય કે ચાંદની ચંદ્રમાં સમાઇ જાય તેમાં આશ્ચર્યની કોઇ વાત નથી

### નવાં કલેવર

- નટવર હેડાઉ

સાંજે ઘેર આવી ટીવી ચાલું કર્યું. તેમાં સમાચારો આવતા હતા. 'ભારતીય કોસ્ટગાર્ડે પાકિસ્તાની માછીમારોની બોટ પકડી પાડી.' તે સાંભળી બાજુમાં બેઠેલા સ્નેહલે મને પ્રશ્ન પૂછ્યો. 'ભારત અને પાકિસ્તાન મળીને હિન્દુસ્તાન કહેવાતું ખરું ને?'

'ના હિંદુસ્તાન એટલે ભારત.'

'તો શું પાકિસ્તાન ભારતમાતાનું અંગ નથી.'

'અંગ તો છે પણ...તાત્કાલિક મને કોઇ જવાબ ન સૂઝ્યો. અને હજુ સુધી તેનો કોઇ જવાબ વિચારી પણ શક્યો નથી. મીલના મશીનોમાં ખડખડ અવાજ વચ્ચે મેં સાંભળેલું કે કટાકટ બેડીઓ અને હાથકડીયો ટૂટી ગઇ. બંને મુક્ત થઇ ગયા. મુક્તિનો પ્રયાસ બંનેએ સાથે મળી કર્યો હતો.'

સાંભળીને હું જરાં ચૌકી ગયો. એક લાંબો ઊંચો યુવક કંઇક બોલતો હતો. મે તેને ધ્યાનથી જોવાનો પ્રયાસ કર્યો. મેં જોયું કે ટેબલ પર પડેલા રિમોટથી સ્નેહલે ચેનલ બદલી નાંખી હતી. બદલાયેલી ચેનલમાં પેલો યુવક દેખાતો હતો તે કહેતો હતો કે, 'મુક્તિ પહેલાં આપણે સાથે મળીને મંઝિલે પહોંચવાનાં સપનાં જોવાં હતા. પણ દુશ્મનોને એ ગમ્યું નહીં તેમણે આપણી વચ્ચે બે શબ્દો ઊભાં કરી દીધાં.'

'ખબર છે, કયાં બે શબ્દો?'

'ફૂટ... અને દરેક અક્ષરનો એક અર્થ હોય છે એ તો તમે જાણતા જ હશો... ફૂ એટલે ફૂંક લાગતાં જ ચીનગારીમાંથી જવાળા બની જાય છે. જે બધું બાળીને ભસ્મ કરી દે છે. અને જો કંઇ બચી જાય તો ટટળવાનું બાકી રહે છે. કોઇ પણ રાષ્ટ્ર, સમુદાય કે કુટુંબના સુખચેનને છીનવી લેવું હોય તો આ બે અક્ષર પુરતાં છે. બાકી તમારે કંઇ જ કરવું ન પડે.'

ફૂ...ટ ને કારણે આપણા બંનેની એક મંઝિલને બે રસ્તા પર વાળી દીધી. બંને અલગ રસ્તે મંઝિલ તરફ આગળ વધવા મજબૂર કરવામાં આવ્યા. મારા ભાઇને કહેવામાં આવ્યું કે તારો ભાઇ જલ્દી આગળ વધી રહ્યો છે. તું તેને પછાડ અને આગળ નીકળી જા. નહીંતર તારું કંઇ મહત્ત્વ જ રહેશે નહીં. તારી પ્રગતિ ફીકી લાગશે.

મને લાગ્યું યુવાનના હોઠ ફફડી રહ્યાં છે એ કંઇક બબડી રહ્યો છે. મેં ટીવીનું વોલ્યુમ વધાર્યું. ફૂટપાથ પર ચાલતાએ યુવાનનો પડછાયો લાઇટની નજીક જતાં સંકોચાઇ જતો હતો. ખોવાઇ જતો હતો. ખોવાય કેમ નહીં. આપણા વિના આપણા પડછાયાનું કોઇ અસ્તિત્વ નથી હોતું. સૂરજ વિના પ્રકાશ અને ચંદ્ર વિના ચાંદનીનું કોઇ અસ્તિત્વ કયાં હોય છે. તેથી પડછાયો આપણી અંદર ખોવાઇ જાય, પ્રકાશ ખોવાઇ જાય કે ચાંદની ચંદ્રમાં સમાઇ જાય તેમાં આશ્ચર્યની કોઇ વાત નથી.

એ યુવાન થોડીવારમાં હાથ ઊંચા કરતો હતો ને મુઠ્ઠીઓ ભીંસતો હતો. જરાક ચુપચાપ આગળ વધતો હતો. એમ થતું હતું કે હમણાં કંઇક બોલશે. પણ તે પહેલાં મને સ્નેહલે પૂછ્યું. 'આ ભાઇ આવું કેમ કરે છે? પાકિસ્તાન ભારત સામે ટવેન્ટી ટવેન્ટી મેચ હારી ગયું એટલે?'

'ના'

'તો પછી આવું શું કામ કરે છે?' સ્નેહલે પૂછ્યું.

'વેરભાવ બીજું શું, પણ તને એ નહીં સમજાય આ તો બહુ જુની વાત છે. ઘા બહુ ઊંડા છે તે જલ્દી રૂઝાય એવા નથી.'

'પણ જુઓને એ શું કહે છે?'

'દુશ્મનો કે ઇશારે મને અપને ભાઇ પર ઘાતક હમલે કીયે, લેકીન ભાઇ કો લગને સે પહેલે મેરે હી હાથા કટ ગયે ક્યોંકી શસ્ત્ર માંગે હુએ થે, મુઝે ચોટ લગી લેકીન જાન લેવા નહીં થી. અબ મેરે હાથ નહીં હૈ, ઔર ઉસકે હાથમેં તાકત નહીં હૈ.' રસ્તો આગળ વધી રહ્યો છે. ત્યાં એક ભયંકર તોફાન આવે છે. ધુળની ડમરી ચડે છે. વૃક્ષો ડોલવા લાગે છે અને વરસાદ તૂટી પડે છે.

પછી અચાનક બધું શાંત થઇ જાય છે. પેલા યુવાનના વાળ વિખેરાઇ ગયા છે. કપડાં ભીંજાઇ ગયા છે. આંખોમાં ધૂળ પડવાથી તે આંખો ચોળે છે. તે આગળ વધે છે. સામે તેને પ્રકાશનું એક કિરણ દેખાય છે. તેનો ઉત્સાર વધી જાય છે. તે આગળ વધે છે. જાણે કે મંઝિલ ધીમે ધીમે નજીક આવી રહી છે. ત્યાં તેને રસ્તામાં વિખેરાયેલાં મોતી દેખાય છે. તે લોભમાં આવી જાય છે. તેણે ખભે થેલો લટકાવેલો છે પણ તેને હાથ નથી. ત્યાં દૂર બીજો એક માણસ આવતો દેખાય છે. તે આવીને પોતાના થેલામાં મોતી ભરવા લાગે છે. તે એક બાજુથી થેલીમાં મોતી ભરે છે ને બીજી બાજુની નીકળી મોતી ફરી વાર વિખેરાઇ જાય છે. આ જોઇ પેલો યુવક હંસે છે.

'અરે જો તો ખરો થેલો ફાટેલો છે. તું ખોટી મહેનત કરે છે. મારી પાસે સારો થેલો છે. પણ હાથ નથી. તું મારો થેલો લઇ લે અને તારા હાથથી તેમાં મોતી ભરી લે આપણે બંને અડધાં અડધાં વહેંચી લઇશું.'

(અનુસંધાન પાના નં. ૬ પર)